ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ

| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૩.૦° સે. | ૨૮.૦° સે. |
| બારડોલી | ૩૩.૦° સે. | ૨૭.૦° સે. |
| ભરૂચ | ૩૫.૦° સે. | ૨૮.૦° સે. |
| વ્યારા | ૩૫.૦° સે. | ૨૭.૦° સે. |



# ઉમરપાડામાં જંગલો પચાવવાનું કૌભાંડ

**સરકારી** જંગલ જમીન પચાવી પાડવાના ષડયંત્ર સામે સ્થાનિકો લાલઘૂમ

**બીજા** જિલ્લાના ઇસમો જંગલને નુકસાન કરી ગેરકાયદે ઘૂસણખોરી કરતા હોવાના આક્ષેપ સાથે કાર્યવાહીની માંગ


વનરાજ વસુરીયા

### વન વિભાગ સાથે ઘર્ષણ કરવાનો પ્રયાસ

અગાઉ નર્મદા જિલ્લાના કેટલાક ઇસમોએ પોતાની હદની સરકારી જમીન ખેડી નાખ્યા બાદ ઉમરપાડાના જંગલ પર નજર બગાડી હતી. ગત વર્ષે જમીન કબજે કરવાના ઇરાદે આવેલા ઇસમોએ ઉમરપાડાના રેન્જ ફોરેસ્ટ ઓફિસર (RFO) પર હુમલો પણ કર્યો હતો. જે-તે સમયે વન વિભાગે કડક હાથે કામ લઈ કબજો દૂર કર્યો હતો અને ત્યાં નવું પ્લાન્ટેશન (વૃક્ષારોપણ) કરી દીધું હતું. હાલમાં વન વિભાગે આ જમીન તરફ જવાના રસ્તા બંધ કરી દેતાં ઘૂસણખોરો ફરી વન વિભાગ સાથે ઘર્ષણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેની સામે સ્થાનિકો મેદાને આવ્યા છે.

વાંકલ: ઉમરપાડા તાલુકાના નવી વસાહત વિસ્તારમાં સરકારી જંગલ જમીન પચાવી પાડવાનો ગંભીર મામલો સામે આવ્યો છે. નર્મદા જિલ્લાના સાગબારાના હલગામ પાટીના કેટલાક ઇસમો દ્વારા અહીં ગેરકાયદે ઘૂસણખોરી કરી જંગલને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ મામલે નવી વસાહત વિસ્તારના ૧૦થી વધુ ગામના સરપંચો અને સ્થાનિક આગેવાનો એકઠા થયા છે અને આ ગેરકાયદે પ્રવૃત્તિ કરનારાઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યા છે.

આ બાબતે વડગામના સરપંચ જીવણભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, ઉમરપાડાના જંગલ અને તેની જમીન પર માત્ર સ્થાનિક આદિવાસી લોકોનો જ અધિકાર છે. નવી વસાહત વિસ્તારના પરિવારો મોટા ભાગે પશુપાલન પર જ નિર્ભર છે અને જંગલમાંથી ઘાસચારો મેળવે છે. જો બહારના લોકો જંગલ પર ગેરકાયદે કબજો કરશે તો સ્થાનિક આદિવાસીઓ માટે જીવન ગુજારવું મુશ્કેલ બની જશે. બીજા તાલુકાના લોકોને આ જંગલનો લાભ લેવાનો કોઈ જ અધિકાર નથી. આથી ન્યાય માટે સ્થાનિકોએ વિરોધ શરૂ કર્યો છે. જંગલ બચાવવાની આ લડત સાથે સ્થાનિક અગ્રણીઓએ વર્ષ-૨૦૨૪માં બનેલી એક અત્યંત ચકચારી ઘટનાને યાદ કરી ન્યાયની માંગ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉમરપાડાના વડગામની એક ૧૪ વર્ષની માસૂમ બાળકી પર સાગબારાના એક ઇસમે બળાત્કાર ગુજારી તેની નિર્મમ હત્યા કરી નાંખી હતી.

એકઠા થયેલા ગ્રામજનોએ આ નરાધમ આરોપીને વહેલી તકે ફાંસીની સજા આપવામાં આવે તેવી પણ ઉગ્ર માંગ દોહરાવી છે.

## પલસાણાના અંત્રોલી ગામની પરિણીતાનું પેટમાં દુખાવો ઉપડ્યા બાદ મોત

પલસાણા: પલસાણા તાલુકાના અંત્રોલી ગામ ખાતે આવેલા ઓમ રેસિડેન્સીમાં રહેતી એક પરિણીતાનું પેટમાં તીવ્ર દુખાવો ઉપડ્યા બાદ મોત નીપજ્યું છે. મૃતક જયશ્રીબેન પ્રવીણભાઈ નાગોચા (ઉં.વ.૩૧)ને રવિવારે મળસ્કે પેટમાં દુખાવો શરૂ થયો હતો. તે સમયે તેમના પતિ કામ અર્થે વતનમાં હોવાથી, જયશ્રીબેને બાજુની બિલ્ડિંગમાં રહેતા પોતાના પિતા બટુકભાઈ દુલાભાઈ વાણિયા પુત્રીને પ્રથમ પરવટ પાટિયા સ્થિત અમૃતમ હોસ્પિટલ લઈ ગયા હતા. ત્યારબાદ વધુ સારવાર અર્થે તેમને સુરતની સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમનું મોત થયું હતું. મૃતક પરિણીતા મૂળ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કુંડલીયાળા ગામના વતની હતા અને તેમના લગ્નને સાત વર્ષ અને પાંચ મહિનાનો સમયગાળો થયો હતો. કડોદરા GIDC પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



## ધુલિયા ચોકડીથી તાજપોર કોલેજ રોડ પર પ્લાસ્ટિક કચરાનો ઢગલો

**બારડોલી-**નવસારી હાઈવે પર જાણે ગંદકીનું સામ્રાજ્ય, ગાયો સહિત પશુધન પ્લાસ્ટિક આરોગી રહ્યું છે

બારડોલી: બારડોલી-નવસારી રાજ્ય ધોરી માર્ગ પર ધુલિયા ચોકડીથી લઈને તાજપોર કોલેજ વચ્ચેના રોડની સાઈડમાં હાલ મોટા જથ્થામાં પ્લાસ્ટિકના કચરાના ગંજ જોવા મળી રહ્યા છે. રસ્તાની બંને બાજુએ ફેલાયેલા આ પ્લાસ્ટિકના કારણે સમગ્ર વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય ખડકાયું છે, જેને પગલે સ્થાનિક રહીશો અને વાહનચાલકો ભારે હેરાનગતિનો સામનો કરી રહ્યા છે.

આ વિસ્તારમાં મોડી રાત્રે કે વહેલી સવારે કોઈ અજાણ્યા ઈસમો દ્વારા મોટા પાયે પ્લાસ્ટિકનો કચરો ઠાલવવામાં આવી રહ્યો હોવાની આશંકા છે. આ કચરો કોણ નાંખી જાય છે, તે હાલ તપાસનો વિષય બન્યો છે. રોડની સાઈડમાં પડેલા પ્લાસ્ટિકના ઢગલામાંથી રખડતી ગાયો પ્લાસ્ટિક આરોગી રહી છે, જે પશુધનના આરોગ્ય માટે અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. આ ગંભીર પરિસ્થિતિને જોતાં સ્થાનિક પર્યાવરણ પ્રેમીઓમાં ભારે ચિંતા અને રોષની લાગણી વ્યાપી ગઈ છે. આ અસરગ્રસ્ત વિસ્તાર મુખ્યત્વે તેન અને ઇસરોલી ગ્રામ પંચાયતની સીમમાં આવતો હોવાથી, બંને ગ્રામ પંચાયતો ત્વરિત એક્શનમાં આવે તે જરૂરી બન્યું છે.આથી અહીં કચરો ફેંકનારાં તત્વો સામે કડક પગલાં લેવામાં આવે.

## બારડોલીમાં પક્ષીઓને ચણ નાંખતા નિસરણીથી લપસતા મહિલાનું મોત

બારડોલી: બારડોલીના અક્ષાનગર પાટિયા પાસે ગ્રાઉન્ડમાં રહેતા ૩૫ વર્ષીય મહિલાનું નિસરણી પરથી પાપડીના માંડવા પર પડતાં મોત નીપજ્યું હતું.

મૂળ સોનગઢના સીંગલ ખાં અન્નુબેન નકુભાઈ ગામીત (ઉં.વ.૩૫) રવિવારે પોતાના ઝૂંપડાની બાજુમાં આવેલી દીવાલ પર લાકડાની નિસરણી મૂકીને પક્ષીઓને ચણ નાખવા માટે ઉપર ચડ્યા હતા. આ સમયે અચાનક તેમનો પગ લપસી જતાં તેઓ બાજુમાં આવેલા પાપડીના વેલા માટે તાર અને દોરીથી બનાવેલા માંડવા પર પછડાયા હતા. આ અકસ્માતમાં ગંભીર ઈજાને પગલે તેમનું મોત નીપજ્યું હતું. બારડોલી ટાઉન પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

## સાયણમાં કેસડોલથી વંચિત પૂરગ્રસ્તોનો ગ્રામ પંચાયત કચેરી ખાતે હલ્લાબોલ

**ધસી** આવેલું ટોળું ગ્રા. પં.ની સરકારી મિલકતને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરે એ પહેલાં પોલીસ બોલાવવી પડી

સાયણ: સાયણમાં તાજેતરમાં આવેલા વરસાદી પૂરના કારણે નીચાણવાળા વિસ્તારોમાં ભારે નુકસાન થયું હતું. પૂર ઓસર્યા બાદ ધારાસભ્ય મુકેશભાઈ પટેલ અને સરકારી તંત્ર દ્વારા સરવે કરાવીને અસરગ્રસ્તોને કેસડોલ ચૂકવાઈ હતી. જો કે, સોમવારે આ રાહતથી વંચિત રહી ગયેલા ગાયત્રી સોસાયટી, સોમનાથ સોસાયટી, મહાદેવ સોસાયટી તથા રસુલાબાદ, ઠાકોરનગર, એવલવિલા, જલારામ ફળિયું, જનતાનગર, આદર્શનગર સોસાયટી નં.૧થી ૩, વહોરવાડ સહિત સાયણ સુગર રોડની કેટલીક અન્ય સોસાયટીના ૨૦૦થી વધુ પૂરગ્રસ્તોના ટોળાએ સાયણ ગ્રામ પંચાયત કચેરી ખાતે પહોંચીને ઉગ્ર હલ્લાબોલ મચાવ્યો હતો. પૂર્વ વિસ્તારની ગાયત્રી, સોમનાથ, મહાદેવ, જનતા નગર સહિતની વિવિધ સોસાયટીઓ અને ફળિયાના રહીશોનો આક્ષેપ હતો કે, અમારે ત્યાં સરવે ટીમ આવી જ નથી, જેથી વળતરના ફોર્મ ભરી શક્યા નથી.

રહીશોએ પોતાની સાથે અન્યાય થયો હોવાની બળાપો કાઢ્યો હતો. સામે પક્ષે, ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ શૈલેષ પટેલે પૂરગ્રસ્તોને સમજાવતા જણાવ્યું હતું કે, સરવે બાદ ઘણા લોકોને કેસડોલ ચૂકવાઈ ગઈ છે. તેમ છતાં જેઓ વંચિત રહી ગયા હોય તેઓ લેખિત અરજી આપે, જેથી મામલતદાર અને ટીડીઓ સમક્ષ રજૂઆત કરીને વળતર ચૂકવી શકાય. આમ છતાં વિફરેલું ટોળું સરકારી મિલકતને નુકસાન પહોંચાડે તેવી સ્થિતિ ઊભી થતાં તાત્કાલિક પોલીસને બોલાવવી પડી હતી. પોલીસે આવીને મામલો થાળે પાડ્યો હતો.

ડેપ્યુટી સરપંચ શૈલેષ પટેલે આક્ષેપોને નકારતા જણાવ્યું કે, સરવે વખતે આદર્શ નગર અને રસુલાબાદના લોકોએ સામેથી ફોર્મ ભરવાની ના પાડી હતી. આગામી ચાર મહિનામાં પંચાયતની ચૂંટણી આવી રહી હોવાથી, સત્તાથી વંચિત વિરોધીઓએ રાજકીય ષડયંત્રના ભાગરૂપે લોકોને ઉશ્કેરીને આ હલ્લાબોલ કરાવ્યો છે.

## તાપી નદીમાં આત્મહત્યા કરવા જતા યુવકનો જીવ બચાવાયો

પલસાણા: સુરતના મગદલ્લા તાપી રિવર બ્રિજ પર ગત રાત્રે આશરે ૯ વાગ્યે એક વ્યક્તિએ અંગત સમસ્યાઓથી કંટાળી નદીમાં કૂદીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે ત્યાંથી પસાર થઈ રહેલી હાઈવે પેટ્રોલિંગની ટીમે સતર્કતા અને સાહસ દાખવી તે વ્યક્તિને સુરક્ષિત બચાવી લીધો હતો. કોરિડોર મેનેજર સંજય ચૌધરીના સુપરવિઝન હેઠળ પેટ્રોલિંગ ઓફિસર હિરેનભાઈ અને તેમની ટીમે ત્વરિત કાર્યવાહી કરી પોલીસ અને ૧૦૮ને જાણ કરી હતી. ત્યારબાદ યુવકને સારવાર અને કાઉન્સેલિંગ માટે સરકારી હોસ્પિટલ ખસેડાયો હતો.

## મૃત મહિલાને 19 વર્ષ બાદ જીવિત બતાવીને જમીન હડપવાનું કૌભાંડ!

**માંડવીના** ફળી ગામની કરોડોની જમીન પચાવવા અન્ય અજાણી સ્ત્રીને ઊભી કરી દીધી

**સબ** રજિસ્ટ્રાર સમક્ષ બોગસ 'રીલીઝ ડીડ' પણ નોંધાવ્યું

**જમીન** પચાવી પાડવા બોગસ દસ્તાવેજ બનાવનાર 4 સામે ગુનો દાખલ કરાયો

માંડવી: માંડવીના ફળી ગામે કરોડો રૂપિયાની કીમતી વડીલોપાર્જિત જમીન પચાવી પાડવા માટે એક ચોંકાવનારું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. ૧૯ વર્ષ પૂર્વે મૃત્યુ પામેલા દાદીને જીવતા દર્શાવી, સબ રજિસ્ટ્રાર કચેરીમાં કોઈ અજાણી મહિલાને ઊભી રાખીને બોગસ 'હક્ક છોડવાનો દસ્તાવેજ' (રીલીઝ ડીડ) બનાવી જમીન હડપ કરી લેવાના આયોજનબદ્ધ ગુનાહિત કાવતરા અંગે માંડવી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. પોલીસે મુખ્ય આરોપી ચેતનભાઈ પાલપાભાઈ ગામીત તેમજ તેની સાથે સંડોવાયેલા અન્ય સાક્ષીઓ અને ઓળખ આપનારાઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

ફરિયાદી લીલાબેન બાબુભાઈ ગામીત (ઉં.વ.૬૦) (રહે.,ઝરપણ, તા.અરેઠ)એ માંડવી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, માંડવીના ફળી ગામની સીમમાં ખાતા નં.૧૫૩ અને બ્લોક નં.૬૩ વાળી આશરે ૩-૦૬-૦૦ હેક્ટર-આર-ચો.મી. વડીલોપાર્જિત સંયુક્ત માલિકીની ખેતીની જમીન આવેલી છે. આ જમીન ફરિયાદીનાં દાદી દુભલીબેન હીરાજીભાઈ ગામીતની દીકરી તેમજ તેમના કાયદેસરના વારસદારોની હક્ક હિસ્સાવાળી જમીન છે. ફરિયાદીના દાદી દુભલીબેનનું વર્ષ-૨૦૦૬માં જ અવસાન થઈ ચૂક્યું હતું. મુખ્ય આરોપી ચેતનભાઈ પાલપાભાઈ ગામીતે આ કરોડોની કીમતી જમીન પચાવી પાડવાના અને આર્થિક લાભ મેળવવાના બદઈરાદાથી ગુનાહિત કાવતરું રચ્યું હતું. દાદી દુભલીબેનનું મૃત્યુ ગયું હોવા છતાં, ૧૫ ઓગસ્ટ-૨૦૨૫ના રોજ દાદીના નામે ખોટી અને અજાણી સ્ત્રીને સબ રજિસ્ટ્રાર કચેરી માંડવી સમક્ષ હાજર રાખી દીધી હતી. ત્યાં આ અજાણી મહિલાના અંગૂઠાનું નિશાન લઈ, જમીનનો હક્ક ચેતનભાઈની તરફેણમાં જતો કરવાનો બોગસ અને બનાવટી રીલીઝ ડીડ દસ્તાવેજ (સી.નં. ૧૩૩૩/૨૦૨૫) ઊભો કરી દીધો હતો.

## સોનગઢમાં કોમન પ્લોટ પર દબાણ બાબતે પાલિકાને રજૂઆત

સોનગઢ: સોનગઢ સ્થિત રમણીય પાર્ક સોસાયટીના રહીશો દ્વારા કોમન પ્લોટમાં દબાણ અંગે સોનગઢ નગરપાલિકાના ચીફ ઓફિસરને લેખિત ફરિયાદ કરવામાં આવી છે. રહીશોની રજૂઆત મુજબ સોસાયટીનો કોમન પ્લોટ નં.૪, જે શિવાજી નગર વિસ્તારને અડીને આવેલો છે, ત્યાં શકુબેન ગામીત નામની વ્યક્તિ દ્વારા ગેરકાયદે રીતે દબાણ કરી જગ્યા પચાવી પાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ અંગે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહીશોએ આક્ષેપ કર્યો છે કે જાહેર હેતુ માટેની આ ખુલ્લી જગ્યા પર દબાણ થવાથી સોસાયટીના રહીશોને મુશ્કેલી પડી રહી છે. આ મામલે ત્વરિત કાર્યવાહી કરી દબાણ દૂર કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આ સંદર્ભે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, તાપી કલેક્ટર અને મામલતદારને પણ નકલ રવાના કરી રજૂઆત કરવામાં આવી છે.

## હથોડાની મુલાકાતે પહોંચેલા પાલોદ PIની સામે પોલીસ વિરુદ્ધ રજૂઆત

**નાઈટ** પેટ્રોલિંગ, દારૂડિયાનો ત્રાસ, ફેક્ટરીના પ્રદૂષણ બાબતે પણ લોકોની રજૂઆત


ઈબ્રાહીમ કાનુ

હથોડા: પાલોદ પોલીસ મથક બન્યા પછી સૌપ્રથમ વખત આજે પાલોદના પી.આઈ. અમીરાજસિંહ રાણા અને પોલીસ ટીમે હથોડાની મુલાકાત લઈ લોકોને સાંભળવા અને પ્રશ્નો હોય તો રજૂ કરવા જણાવતાં જ લોકોએ ગામની જનતાની સલામતી માટે નાઈટ પેટ્રોલિંગ સઘન કરવા માટે તેમજ ગામની ભાગોળ આવેલી ફેક્ટરીઓમાંથી મોડી રાત્રે પ્રદૂષણ છોડવામાં આવે છે, જેને યોગ્ય તપાસ કરવામાં આવે. ઉપરાંત આ જ ફેક્ટરીઓ માં કામ કરતા પરપ્રાંતીયઓ હથોડા ગામે દારૂ ઢીંચીને ગમેતેમ મોડી રાત્રે પણ લટાર મારતા હોય છે. તેઓ દ્વારા કોઈ ગંભીર પ્રકારનો ગુનો બને તે પહેલા તેમની સામે પગલાં ભરવા તેમ જ સત્યમ ઇન્ડસ્ટ્રિઝ વિસ્તારમાં મોડી સાંજે ઇંગ્લિશ અને દેશી દારૂનું બેફામ થતું વેચાણ બંધ કરાવવા અને હથોડા ગામના નાગરિકો કીમ ચાર રસ્તા ખાતે નિયમિત રીતે રિક્ષા અને ઇકો ગાડીઓ ચલાવે છે તેમને પોલીસ ખોટી રીતે કનડગત કરીને નિશાન બનાવીને મેમો ફાડી દઈને નિર્દોષ લોકોને રંજાડે છે. પોલીસનો ખોટો ત્રાસ બંધ કરાવવા વગેરે પ્રશ્નોનો મારો ચલાવ્યો હતો. પાલોદ પોલીસે હથોડા ગામે લીધેલી મુલાકાતમાં હથોડાના યુવાનને ટ્રાફિક પોલીસે પોતાની મનમાની ચલાવીને એકસાથે ત્રણ ઇકો કારને આપેલા મેમોની ઘટના અંગે પોલીસ કર્મચારી સામે કરેલી ફરિયાદ બાબતે સમાધાન નહીં કરતાં અને હથોડામાં બનેલા કમનસીબ બનાવવામાં ખાખી વર્દીનો દુરુપયોગ કરીને યુવાનને સંડોવી દીધો હોવાની ધારદાર રજૂઆત કરવામાં આવી હતી. લોકોના પ્રશ્નો બાબતે ઉકેલ લાવવાની પીઆઈ રાણાએ ખાતરી આપી હતી.



## વ્યારામાં જિલ્લા સેવાસદન બહાર નીલગીરીનું તોતિંગ વૃક્ષ ધરાશાયી

**ચાની** લારી ચલાવતી મહિલાને સામાન્ય ઈજા પહોંચી

વ્યારા: તાપી જિલ્લામાં ભારે પવનના કારણે સોમવારે વ્યારા સ્થિત જિલ્લા સેવાસદનના પટાંગણ બહાર નીલગીરીનું તોતિંગ વૃક્ષ અચાનક ધરાશાયી થતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વૃક્ષ સીધું ચાની લારી પર પડતાં લારી ચલાવતી ગરીબ મહિલા ઇજાગ્રસ્ત થઈ હતી. તેમજ નીલગીરી નીચે ચાની લારી પર બેસેલા 8 જેટલી વ્યક્તિ તાત્કાલિક બહાર આવી જતાં ચમત્કારિક બચાવ થયો હતો. ઘટનામાં નજીકમાં પાર્ક કરેલી એક બાઇકને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું.

ઘટનાની જાણ થતાં તંત્ર પણ સ્થળ પર પહોંચ્યું હતું અને ધરાશાયી થયેલા વૃક્ષને હટાવવાની કામગીરી હાથ ધરી હતી. આ ઘટનામાં મહિલાની ચાની લારી સંપૂર્ણપણે નુકસાનગ્રસ્ત બનતાં તેની રોજીરોટી પર પણ સંકટ ઊભું થયું છે. સદનસીબે વધુ મોટી જાનહાનિ ટળી હતી.

# સંક્ષિપ્ત સમાચાર

## કોસંબાની નવસર્જન શાળાનું ગૌરવ


ઈબ્રાહીમ કાનુ

હથોડા: કોસંબા સ્થિત નવસર્જન માધ્યમિક શાળાએ ધોરણ-10ની પરીક્ષામાં ગુજરાતી તથા અંગ્રેજી બંને માધ્યમમાં સતત ચોથા વર્ષે 100 ટકા પરિણામ પ્રાપ્ત કર્યું હતું. આ નોંધપાત્ર સિદ્ધિ બદલ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત તથા SRK Knowledge Foundationના સંયુક્ત ઉપક્રમે સુરત ખાતે આયોજિત "શિક્ષા કે શિલ્પકાર" સન્માન સમારોહમાં શાળાને "Certificate of Honour" એનાયત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) તેમજ શિક્ષણ રાજ્યમંત્રી જયંત ચૌધરી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત સુરત જિલ્લા શિક્ષણ અધિકારી ડો.ભગીરથસિંહ પરમાર તેમજ ઇનચાર્જ પોલીસ કમિશનર IPS વાબાંગ જમિર સહિત શિક્ષણ ક્ષેત્રના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શાળા વતી આ સન્માન અંગ્રેજી માધ્યમનાં શિક્ષિકા પ્રિયંકા રાવત તેમજ ગુજરાતી માધ્યમનાં શિક્ષિકા સરોજબેન ગોહિલ અને જ્યોતિબેન પરમાર દ્વારા સ્વીકારવામાં આવ્યું હતું.

## લાડવીની શાળાના અર્ણવસિંહે સ્ટેટ શૂટિંગ ચેમ્પિયનશિપમાં 3 મેડલ જિત્યા



કામરેજ: કામરેજના લાડવી સ્થિત આર.એમ.જી. મહેશ્વરી ઈંગ્લિશ સ્કૂલના ધોરણ-૧૧ના વિદ્યાર્થી અર્ણવસિંહ યોગેશકુમાર વાંસિયાએ અમદાવાદ ખાતે યોજાયેલી ૬૨મી ગુજરાત સ્ટેટ શૂટિંગ ચેમ્પિયનશિપમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. તેમણે ૧૦ મીટર એર પિસ્ટલની સબ યૂથ મેન ઇન્ડિવિઝ્યુઅલ અને ટીમ ઇવેન્ટમાં બે સિલ્વર મેડલ તેમજ યૂથ મેન ટીમ ઇવેન્ટમાં એક બ્રોન્ઝ મેડલ મેળવી કુલ ૩ મેડલ જિત્યા છે. કોચ ઉમેશ ચેવલી અને તૃપ્તિ ચેવલીના માર્ગદર્શન હેઠળ તાલીમ મેળવનાર અર્ણવસિંહને આ પ્રેરણારૂપ સિદ્ધિ બદલ શાળાના પ્રિન્સિપાલ અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યાં છે.

## સુમુલ ડેરીની ચૂંટણી રદ અથવા મુલતવી રાખવા નિઝરના પશુપાલકની માંગ

કુકરમુંડા: સુમુલ ડેરીની ૧૫ જુલાઈ-૨૦૨૬ના રોજ યોજાનારી નિયામક મંડળની ચૂંટણી મુદ્દે વિવાદ સર્જાયો છે. નિઝરના લક્ષ્મીખેડા ગામના પશુપાલક મધુકરભાઈ વળવીએ કલેક્ટર અને ચૂંટણી અધિકારીને લેખિત રજૂઆત કરી ચૂંટણી રદ કરવા અથવા મુલતવી રાખવા માંગ કરી છે. અરજીમાં આક્ષેપ કરાયો છે કે, ઉમેદવારો દ્વારા આદિવાસી દૂધમંડળીના સભાસદોને લોભ-લાલચ, ભય અને બળજબરીથી પ્રભાવિત કરાઈ રહ્યા છે તેમજ કેટલાક સભાસદોને ગેરમાર્ગે દોરી ગાયબ કરાયા છે. સમગ્ર મામલે તટસ્થ તપાસની માંગ ઊઠી છે.

## વ્યારાથી ગુમ શ્રમિક યુવકની લાશ ૯ દિવસ બાદ નહેરમાંથી મળી આવી

વ્યારા: વ્યારાના મિશન નાકા નજીક આવેલી ઉકાઈ ડાબા કાંઠા નહેરમાંથી ૯ દિવસથી ગુમ થયેલા યુવક ભવરસિંગ ભાગુસિંહ રાજપૂત (રહે.,બિકાનેર, રાજસ્થાન)ની લાશ મળી આવી હતી. કન્સ્ટ્રક્શન સાઈટ પર મજૂરીકામ કરતો આ યુવક ગત તા.૩-૭-૨૦૨૬ના રોજ નહેરમાં નાહવા પડ્યો હતો અને અકસ્માતે ડૂબી ગયો હતો. પોલીસ અને તંત્રએ ભારે જહેમત બાદ મોટર મૂકી નહેરનું પાણી બહાર કાઢતાં પાણીનું સ્તર ઘટતાં પુલ નીચેથી લાશ મળી આવી હતી. પોલીસે લાશને પોસ્ટમોર્ટમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

## માંડવીના સિંધવાઈ ફાર્મ ખાતે વૃક્ષારોપણ


હિતેશ પટેલ

માંડવી: વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાન પર સમગ્ર દેશમાં પર્યાવરણ જતન અને સ્વચ્છતાનાં કાર્યો વેગવંતા બન્યાં છે, ત્યારે સાંસદ પ્રભુભાઈ વસાવાના અધ્યક્ષ સ્થાને શ્રી તાપીવન ગ્રામ વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સિંધવાઈ ફાર્મ ખાતે 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ અને 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત વિશેષ સફાઈ ઝુંબેશ યોજાઈ હતી. આ પ્રસંગે ભારત પેટ્રોલિયમના ટેરિટરી મેનેજર સુરજીત બોરા, માંડવી નગરપાલિકાનાં પ્રમુખ અમિષા રાઠોડ, નગર સંગઠન પ્રમુખ પ્રિતેશ રાવલ, ન.પા.ના અન્ય હોદ્દેદારો, સામાજિક કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક નગરજનો હાજર રહ્યાં હતાં.

## સાબરગામ કોલેજના ૮ વિદ્યાર્થીએ 'યુવા આપદા મિત્ર' શિબિરમાં ભાગ લીધો


દિપકસિંહ મહીડા

અંત્રોલી: સાબરગામ કોલેજ હંમેશાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, રાષ્ટ્રીય સેવા અને સામાજિક જવાબદારીને પ્રોત્સાહન આપતા આવા કાર્યક્રમોમાં સક્રિય સહભાગી બની રહી છે. વરાછા રોડ સ્થિત ઉમિયાધામ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના (NSS) દ્વારા આયોજિત સાત દિવસીય રહેણાક શિબિરમાં પલસાણાની સાબરગામ કોલેજના ૮ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ આપત્તિ વ્યવસ્થાપન, ફાયર સેફ્ટી, CPR, પ્રાથમિક ઉપચાર અને રેસ્ક્યુ કામગીરીની પ્રાયોગિક તાલીમ મેળવી હતી. કોલેજનાં પ્રિન્સિપાલ ડો. ફાલ્ગુનીબેન ઠક્કરે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું કે, આ તાલીમ સેવાની ભાવના અને આપત્તિ સમયે નિર્ણયશક્તિ વિકસાવશે. સમગ્ર શિબિર દરમિયાન NSS પ્રોગ્રામ ઓફિસર ડો.તેજસ શાહ અને ડો.શૈલેષ પાંધીએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## ધી કડોદ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનું 'શિક્ષા કે શિલ્પકાર' એવોર્ડથી સન્માન કરાયું



કેતન પટેલ

કડોદ: ધોરણ-૧૦ બોર્ડ પરીક્ષામાં ૧૦૦% પરિણામ મેળવવા બદલ કડોદની 'ધી કડોદ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ'નું જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત અને એસઆરકે નોલેજ ફાઉન્ડેશન દ્વારા સન્માન કરાયું હતું. સંજીવકુમાર ઓડિટોરીયમ ખાતે આયોજિત "શિક્ષા કે શિલ્પકાર" કાર્યક્રમમાં કેન્દ્રીય શિક્ષણ રાજ્ય મંત્રી જયંત ચૌધરી, સાંસદ ગોવિંદ ધોળકિયા, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો.કિશોરસિંહ ચાવડા અને DEO ડો.ભાગીરથસિંહ પરમારની ઉપસ્થિતિમાં શાળાના પ્રિન્સિપાલ ભાવેશભાઈ દેસાઈ અને સંચાલક મંડળને એવોર્ડ એનાયત કરાયો હતો. આ ભવ્ય સિદ્ધિ બદલ પ્રમુખ કેતનભાઈ પટેલ, ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ ગાંધી, મંત્રી પ્રતાપસિંહ દેસાઈ, સહમંત્રી હિતેન્દ્રભાઈ દેસાઈ, ખજાનચી પીનાકીનભાઈ શાહ અને આચાર્ય ભાવેશભાઈ દેસાઈ અને બારડોલી-કડોદ વિસ્તારના શિક્ષણ જગતે શાળા પરિવારને અભિનંદન પાઠવ્યાં હતાં.